નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**નારાયણ વિદ્યાલય, ભરૂચ.**
**નારાયણ ધ્વનિ : અંક-૪૧ • વર્ષ ૨૦૨૫-૨૬**

# પ્રસ્તાવના

મોબાઇલ અને સોશ્યલ મિડિયાના આ યુગમાં શિક્ષણક્ષેત્રે ધરખમ ફેરફાર આવી રહ્યા છે. વિદ્યાર્થી અને વાલીઓની જરૂરિયાતોમાં પણ ધરમૂળ ફેરફાર અનુભવાય રહ્યો છે. વિદ્યાર્થીઓના વર્તન, અભ્યાસ અને મનોવલણોમાં જોવા મળતી ફેરબદલના અનુસંધાને શાળાના શિક્ષકો ઘણી વખત મુશ્કેલીનો સામનો કરતાં હોય છે. કેવા પ્રકારની મુશ્કેલીઓ અને એનો સામનો કરવા તેમણે કરેલી તડજોડ, તેમણે કરેલ સમસ્યાનું નિરાકરણ વગેરે અમૂલ્ય મનોમંથન જેવું જણાતાં આ વર્ષે આવા જ કોઇ વિષય પર જ્ઞાનસત્રનું આયોજન કરવું તેમ વિચાર્યું. જેથી શાળાના તમામ શિક્ષકો આ વિષય પ્રત્યે જાગૃત બને અને ઉદ્‌ભવતા પ્રશ્નોનું નિર્વિઘ્ને નિરાકરણ કરી શકાય.

સાથે જ શિક્ષક સંશોધનકર્તા તરીકેના મનોવલણો કેળવે અને મુશ્કેલીના સુખદ સમાધાન કેળવતા થાય તે માટે આ વર્ષે શાળાના શિક્ષકો તેમને નડતી તકલીફોનો સંશોધન વૃત્તિથી ઉકેલ લાવે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો. આ વિષયને ધ્યાન પર લઇને વર્ષની શરૂઆતમાં જ શિક્ષકો માટે ક્રિયાત્મક સંશોધન શું છે? તે વિષય પર ખરોડ બી.એડ્.કોલેજ ઇ.ચા.આચાર્ય શ્રી આઇ. કે. અન્સારીનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો. જેમણે સંશોધનના પ્રકાર, સંશોધન સમસ્યાની પસંદગી, શબ્દોનું અર્થઘટન, સંશોધનનું ક્ષેત્ર, તેની પધ્ધતિ, માહિતીનું એકત્રીકરણ, તેની આંકડાકીય ગણતરી, તેના તારણો, અવલોકન, ભાવિ સંશોધન માટેના વિષયો જેવી બાબતો વિશે વિશદ્ માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ શાળાના શિક્ષકોએ પોતાને નડતી સમસ્યાઓનું તારણ કાઢી તેના પર કામ શરૂ કર્યું.

ક્રિયાત્મક સંશોધનની ભૂમિકાના અહેવાલ શિક્ષકો દ્વારા તૈયાર થયા બાદ ખરોડ બી.એડ્. કોલેજના નિવૃત્ત અધ્યાપક શ્રી જયંતભાઇ એ. શાહ સાહેબે શિક્ષકો સાથે તેમના કામની ચર્ચા કરી તેમને વ્યકિતગત માર્ગદર્શન આપ્યું. શાળાના તમામ શિક્ષકોના લેખન અહેવાલોનું ચકાસણી કાર્ય કર્યા બાદ **તા. ૧૧, ૧૨ ઓકટોબર ૨૦૨૫ ના રોજ શાળામાં ૧૮માં જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું.** જેમાં શાળાનાં ૮૫ શિક્ષકોનું પાંચ ગ્રુપમાં વિભાજીત કરવામાં આવ્યા.

- **ગ્રુપ-૧ : ડૉ. મિલનભાઇ શાહ, નિવૃત પ્રોફેસર, અનડા બી.એડ્. કોલેજ, નડિયાદ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ)**
- **ગ્રુપ-૨ : ડૉ. આઇ.કે.અન્સારી, ઇ.ચા. આચાર્ય, ખરોડ બી.એડ્. કોલેજ ( માધ્યમિક વિભાગ ધો. ૬ થી ૧૦ અં.મા.)**
- **ગ્રુપ-૩ : ડૉ. જયન્તભાઇ શાહ, નિવૃત્ત અધ્યાપક, ખરોડ બી.એડ્. કોલેજ (ધો. ૬ થી ૮ ગુ.મા)**
- **ગ્રુપ-૪ : ડૉ. પિનાકીનભાઇ યાજ્ઞિક, નિવૃત્ત એસોસિએટ પ્રોફેસર, આણંદ એજ્યુકેશન કોલેજ (પૂર્વ-પ્રા., પ્રાથમિક વિભાગ અં.મા.)**
- **ગ્રુપ-૫ : ડૉ. ધીરજભાઇ પરમાર નિવૃત્ત આચાર્ય, બી.એડ્. કોલેજ, આણંદ (પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક વિભાગ ગુ.મા.)**

જે તે ગ્રુપમાં શિક્ષકોએ વિવિધ પધ્ધતિ, PPT તથા પ્રશ્નોતરી આધારિત પ્રેઝન્ટેશન કર્યું. જેમાં ૧૦ મિનિટ પ્રેઝન્ટેશન, ૫ મિનિટ પ્રેક્ષકોની પ્રશ્નોતરી તથા ૫ મિનિટ નિર્ણાયક પ્રશ્નોતરીનું આયોજન કરાયુ હતું.

ઉપરોકત નિર્ણાયકો દ્વારા શિક્ષકોના વાયવા પણ લેવામાં આવ્યા. અને સંશોધન પેપર પણ શિક્ષકોએ રજૂ કર્યા. આ રીતે શિક્ષકોના વિચારોનું આદાન પ્રદાન કરવામાં આવ્યું અને સમસ્યાઓ અને તેના ઉકેલની પધ્ધતિઓ અંગે ચર્ચા કરવામાં આવી.

**દ્વિ દિવસીય જ્ઞાનસત્રના અંતે શાળાના ૮૫ શિક્ષકોના ૮૫ સંશોધન પેપર તૈયાર થયા** જેનાથી અન્ય શિક્ષકને પ્રેરણારૂપ, નવાચારના ભાગરૂપે નવા વિચારોનું પુસ્તક સ્વરૂપ નારાયણ ધ્વનિ અંક – ૪૧ પ્રકાશિત કરવામાં આવ્યો. આ અંકમાં સમાવિષ્ટ સંશોધન લેખો શિક્ષકોની વિચારશીલતા, શૈક્ષણિક પ્રતિબધ્ધતા અને નવિન દૃષ્ટિકોણનું પ્રતિબિંબ બની રહેશે. આ સંશોધન પત્રોને આધારે દૈનિક શિક્ષણ પ્રક્રિયાની કેટલીક બાબતોને વધુ સરળ બનાવી શકાશે.

તમામ સંશોધનકાર શિક્ષકોને તેમણે કરેલા અથાગ પરિશ્રમ તેમને ઉદ્‌ભવેલી જિજ્ઞાસા અને તેમણે આ કાર્ય માટે કરેલ સમર્પણ બદલ સૌને હાર્દિક અભિનંદન. આ અંક શિક્ષણ જગત, શિક્ષકપ્રેમી અને વાલીમિત્રોને ખૂબ ઉપયોગી થઇ પડશે તે આશા સહ.

| | | | |
|---|---|---|---|
| **શ્રીમતી વિદ્યાબેન રાણા** | **શ્રી જિજ્ઞેશભાઇ જોષી** | **શ્રીમતી બિનીતાબેન ગોહિલ** | **ડૉ. ભગુભાઈ આઇ. પ્રજાપતિ** |
| આચાર્યા (અં.મા.) | આચાર્ય (નોનગ્રાન્ટેડ વિભાગ) | આચાર્યા (ગ્રાન્ટેડ વિભાગ) | ડાયરેકટરશ્રી |